સાતફેરા સમુહ લગ્ન યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ **તથા** અનુસૂચિત જાતિની કન્યાઓને આપવામાં આવતી સહાય તેમજ લગ્ન આયોજક સંસ્થાને યુગલદીઠ આપવામાં આવતી સહાય બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૧૨૦૨૦/CM-212/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
**તારીખઃ ૧૫/૦૧/૨૦૨૧**

## વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૦૮/૨૦૨૦નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૧૨૦૨૦/૫૩૪૫૩/ન.બા.-૬૮/અ.૧.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૪/૦૮/૨૦૨૦નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૨૦/૫૪૨૧૨/ન.બા.-૬૯/અ.૧.

(3) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૦૭/૨૦૨૦નો ઠરાવ ક્રમાંકઃ અજાક/૧૦૨૦૨૯/૬૨૯૫૨૩/ન.બા.-૨૧/ગ.

## આમુખ:-

વંચાણે લીધા ક્રમાંક (૧), (૨) અને (3) પરના આ વિભાગના ઠરાવોથી સાતફેરા સમુહ લગ્ન યોજના હેઠળ અનુક્રમે આર્થિક રીતે પછાત વર્ગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા અનુસૂચિત જાતિની કન્યાઓને રૂ.૧૨૦૦૦/- તેમજ લગ્ન આયોજક સંસ્થાને યુગલદીઠ રૂ.3000/- (૨૫ યુગલ માટે રૂ.૭૫૦૦૦/-ની મર્યાદામાં) સહાય આપવાનું ઠરાવવામાં આવેલ છે. સને ૨૦૨૦-૨૧ ના વર્ષમાં કોવિડ-૧૯ ના કારણે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિને ધ્યાને લેતાં તેમજ સરકારશ્રીની સોશીયલ ડિસ્ટન્સની જાળવણી અંગેની સૂચના હોવાથી મોટા પાયે લોકોને ભેગા કરી શકાય નહીં. સમૂહલગ્નોનું આયોજન થવાથી મોટા પ્રમાણમાં લોકો એકઠા થવાની શક્યતા રહેતી હોય છે. જેના ઉપાય સ્વરૂપે યુગલો પોતપોતાના ઘરે સાદાઇથી લગ્ન કરે અને તેનું આયોજન એક જ દિવસે સંસ્થા

મારફત થનાર હોઈ તેને સમૂહલગ્ન ગણીને લાભાર્થી યુગલ તેમજ સંસ્થાને મળવાપાત્ર સહાય આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ તથા અનુસૂચિત જાતિ માટેની સાતફેરા સમુહ લગ્ન યોજના અંતર્ગત ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ પૂરતું એટલે કે તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી જો યુગલો પોતપોતાના ઘરે સાદાઇથી લગ્ન કરે અને તેનું આયોજન એક જ દિવસે સંસ્થા મારફત થનાર હોય, તેને સમૂહલગ્ન ગણીને લાભાર્થી યુગલ તેમજ સંસ્થાને મળવાપાત્ર સહાય આપવા માટે આથી મંજૂરી આપવામાં આવે છે. આ અંગેનું ખર્ચ વર્ષ-૨૦૨૦-૨૧માં આ જ હેતુ માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનાં રહેશે.

વંચાણે લીધે ક્રમાંક (૧), (૨) અને (૩) ના ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૦૫/૦૧/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

(યુ. કે. પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
(૩) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૪) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૨) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૩) સિલેકટ ફાઇલ